## કર્ણાવતી એક્સપ્રેસનું સ્ટોપેજ મળતા નવસારીમાં આનંદો

**કનેક્ટિવિટી** વધુ મજબૂત બનાવવા માટે વંદે ભારત સહિત અન્ય મહત્વની ટ્રેનોના સ્ટોપેજ માટે પણ રજૂઆતો ચાલુ



નવસારીઃ નવસારીના રેલવે મુસાફરોની વર્ષો જૂની માંગણી આખરે પૂર્ણ થઈ છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી કર્ણાવતી એક્સપ્રેસને નવસારી રેલવે સ્ટેશન પર કાયમી સ્ટોપેજ મળ્યું છે. નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા આ સ્ટોપેજ માટે રેલવે મંત્રાલય સમક્ષ કરવામાં આવેલી રજૂઆત અને સતત પ્રયાસોને પગલે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હોવાનું જણાવાયું છે. કર્ણાવતી એક્સપ્રેસનું સ્ટોપેજ મળતા નવસારી સહિત આસપાસના વિસ્તારના મુસાફરોને મોટી રાહત મળશે. ખાસ કરીને અમદાવાદ, વડોદરા, આણંદ અને નડિયાદ તરફ નોકરી, વ્યવસાય તથા અભ્યાસ માટે રોજ અપ-ડાઉન કરતા મુસાફરો માટે ઝડપી અને અનુકૂળ રેલવે સેવા ઉપલબ્ધ બનશે. મુસાફરીના સમયમાં પણ નોંધપાત્ર બચત થવાની શક્યતા છે. નવસારીના વધતા શહેરી વિસ્તાર, વસતી અને રેલવે મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને કર્ણાવતીના સ્ટોપેજની માંગ લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. સાંસદ સી.આર. પાટીલે આ માંગને ગંભીરતાથી લઈ રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત કરી હતી અને સતત પ્રયાસો કર્યા હતા. અંતે રેલવે વિભાગ દ્વારા સ્ટોપેજને મંજૂરી મળતા નવસારીના મુસાફરોની વર્ષો જૂની માંગણીનો અંત આવ્યો છે.

આ નિર્ણય બદલ સી.આર. પાટીલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો છે. કર્ણાવતી બાદ નવસારીને વધુ ટ્રેનોના સ્ટોપેજ મળે અને રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બને તે દિશામાં પણ પ્રયાસો ચાલુ હોવાનું જણાવાયું છે. ખાસ કરીને વંદે ભારત સહિત અન્ય મહત્વની ટ્રેનોના સ્ટોપેજ અંગે પણ રજૂઆતો કરવામાં આવી રહી છે.

## એજન્ટ સામે 10 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

**વર્ષ** ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન રોકાણ અને વધુ વળતરની લાલચે ૧૪ સાથે ઠગાઈથી નવસારીમાં ચકચાર

નવસારીઃ પોસ્ટ અને એલઆઈસીના એજન્ટ સુરેન્દ્રકુમાર ગાંધી ઉર્ફે ગલયો ગાંધી સામે રૂપિયા 10,53,01,767ની કથિત છેતરપિંડી અંગે વધુ એક ગંભીર ફરિયાદ નોંધાતા નવસારીમાં ચકચાર મચી છે. ફરિયાદી અવનિશભાઈ અશોકભાઈ શાહ સહિત પરિવારના 14 સભ્યો સાથે વર્ષ 2021થી 2025 દરમિયાન પોસ્ટ ઓફિસમાં રોકાણ કરાવવાના નામે કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. ફરિયાદ મુજબ, આરોપીએ સુરક્ષિત રોકાણ અને વધુ વળતરની લાલચ આપી ખાતેદારોની જમા રકમ ચેક મારફતે પોતાના તથા પરિવારજનોના ખાતામાં ટ્રાન્સફર કરી હતી.

આક્ષેપ મુજબ, ખાતેદારોને રોકાણની રકમ અંગે વિશ્વાસમાં રાખવા માટે પાસબુકમાં ચેડાં અને ઘસરકા કરવામાં આવ્યા હતા. ઉપરાંત કથિત નકલી પાસબુક, ટાઈમ ડિપોઝિટના દસ્તાવેજો, ખોટા મોબાઈલ નંબર તેમજ પોસ્ટ વિભાગના સિક્કાવાળા કથિત નકલી વ્યાજ પ્રમાણપત્રોનો ઉપયોગ કરાયો હોવાના ગંભીર આક્ષેપો ફરિયાદમાં કરવામાં આવ્યા છે. આ રીતે ફરિયાદી પરિવારને મૂળ રકમ તથા વ્યાજ સહિતના આર્થિક લાભોથી વંચિત રાખી રૂ.10.53 કરોડથી વધુની કથિત ઠગાઈ કરાયાનું જણાવાયું છે. મામલે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આરોપીની ઓફિસમાં તપાસ કરી મહત્વના દસ્તાવેજો તપાસ માટે લેવામાં આવ્યા હોવાની ચર્ચા છે.

નોંધનીય છે કે આ જ આરોપી સામે અગાઉ એક NRIના ખાતામાંથી રૂપિયા 1.94 કરોડની કથિત છેતરપિંડી અંગે પણ ગુનો નોંધાઈ ચૂક્યો છે. આમ, બંને ફરિયાદોમાં દર્શાવાતી રકમ રૂપિયા 12.47 કરોડથી વધુ થાય છે. આરોપી વિદેશમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે, જોકે તે કયા દેશમાં છે તેની સત્તાવાર પુષ્ટિ નથી. વધુ લોકો ફરિયાદ નોંધાવે તેવી શક્યતા વચ્ચે પોલીસની તપાસ મહત્વપૂર્ણ બની છે.

### વાંસદા પોલીસ મથક સ્વતંત્રતા દિવસ નિમિત્તે ઝગમગી ઉઠ્યું



વાંસદા : ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણીને લઈ વાંસદા પોલીસ મથકને રંગબેરંગી લાઈટિંગથી શણગારવામાં આવ્યું હતું. રાત્રિના સમયે પોલીસ મથકની ઇમારત તિરંગાના રંગોની રોશનીથી ઝગમગી ઉઠતા આકર્ષણનું કેન્દ્ર બની હતી. સ્વતંત્રતા દિવસની ઉજવણીના માહોલને વધુ ભવ્ય બનાવતા પોલીસ મથકનો રોશનીથી સજાવેલો નજારો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

## આમડપોરમાં જુની અદાવતમાં મારામારીમાં ત્રણ સામે ગુનો

**જાહેર** રોડ પર મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

નવસારીઃ આમડપોર ગામમાં મેળામાં થયેલી બોલાચાલીની અદાવતે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં જાહેર રસ્તા પર મારામારીનો બનાવ બન્યો હતો. ગામના પાદરે ભવાની માતાજીના મંદિર નજીક બનેલી આ ઘટનામાં બે વ્યક્તિઓને માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ત્રણેયની અટકાયત કરવામાં આવી હોવાની માહિતી મળી છે.

મોલધરા ખાતે યોજાયેલા ઢીંગલા બાપાના મેળામાં નિલેશ રાઠોડ સાથે બોલાચાલી થઈ હતી. ઝએની અદાવત રાખી વિકી રાઠોડ, આકાશ રાઠોડ અને અલય રમેશ રાઠોડે કમલેશ રાઠોડ તથા મંજુબેન સાથે તકરાર કરી હતી. બોલાચાલી ઉગ્ર બનતાં બંનેને માથા તથા શરીરના ભાગે માર મરાયો હતો.

આરોપીઓએ ઘટનાસ્થળે જાહેરમાં અશ્લીલ ગાળાગાળી કરી હોવાનો તેમજ અલય રાઠોડે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બનાવ અંગે નવસારી રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ત્રણેય આરોપીઓની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે.

મામલાની વધુ તપાસ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એમ.એ. મોડને સોંપવામાં આવી છે.

## ડાંગમાં ઓનલાઈન ડ્રેસ આપવાના બહાને ઠગાઈ કરનાર ઝડપાયો

સાપુતારા : ડાંગ જિલ્લામાં સાયબર ક્રાઈમના ગુનાઓ અટકાવવા અને સાયબર ફ્રોડ કરતા અસામાજિક તત્વોને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં એક ગુનાની વિગત મુજબ, ફરિયાદીની બહેનને ઈન્સ્ટાગ્રામ પર એક અજાણ્યા આઈડી પરથી કપડાં અને ડ્રેસ અંગેની આકર્ષક તથા લોભામણી જાહેરાત જોવા મળી હતી. તેમાં ઓનલાઈન ડ્રેસ મોકલી આપવાની ખાતરી આપી ફરિયાદી તથા તેમની બહેનનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીએ અલગ-અલગ UPI સ્કેનર અને બેંક એકાઉન્ટમાં રૂપિયા ૨૭,૨૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. રકમ મેળવ્યા બાદ ડ્રેસની ડિલિવરી ન કરી ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજી વઘઈ પોલીસની ટીમે ટેક્નિકલ એનાલિસિસ, બેંકિંગ ટ્રાન્ઝેક્શન અને હ્યુમન સોર્સિસની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરતા આરોપી મનોજ મનોહર મોરે (રહે. મહારાષ્ટ્ર) હોવાનું ખુલવા પામ્યુ હતુ. મહારાષ્ટ્ર ખાતે ગયેલી વઘઈ પોલીસની ટીમે આરોપીને ઝડપી પાડી તેની પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કબ્જે કર્યો છે. આરોપીએ અન્ય કોઈ વ્યક્તિઓ સાથે આવી સાયબર છેતરપિંડી આચરી છે કે કેમ તે અંગે પણ વઘઈ પોલીસ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ
બીલીમોરા
કોલેજ કેમ્પસ, મોરારજી દેસાઈ માર્ગ,
બીલીમોરા - ૩૯૬ ૩૨૧ ફોન નં. ૦૨૬૩૪-૨૮૩૭૫૯

લિ. બીલીમોરા વિભાગ કેળવણી મંડળનાં
હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ
તથા સભ્યશ્રીઓ


## PUBLIC NOTICE

NOTICE is hereby given that my client has agreed to purchase the properties more particularly described in the Schedule hereunder written from its sole Owner, and my client has also entered into an Agreement for Sale with the said Owner in respect of the said properties.

All persons having any claim, right, title or interest in respect of the properties described in the Schedule hereunder, by way of sale, agreement for sale, exchange, mortgage, charge, lien, lease, tenancy, gift, inheritance, succession, easement, possession, attachment or otherwise whatsoever, are hereby required to make the same known to me in writing along with supporting documentary evidence within 7 (Seven) days from the date of publication of this Notice.

If no such claim or objection is received within the aforesaid period, it shall be deemed that no person has any claim, right, title or interest in respect of the said properties and/or that any such claim, if any, has been waived and abandoned, and my client shall thereafter be at liberty to complete the proposed transaction of sale without any further reference to such claim or objection.

**THE SCHEDULE OF THE PROPERTIES ABOVE REFERRED TO**

ALL THAT pieces and parcels of land situated at Village - Amli, Silvassa-I Patelad, Dadra & Nagar Haveli, U.T. of Dadra & Nagar Haveli bearing Survey No. 818/1/38/1 admeasuring 0-58.00 Are and Survey No. 818/1/38/3 admeasuring 0-48.00 Are, more particularly described as under:

| Sr. No. | Village | Survey No. | Area (H-Are-Sq. Mtrs.) | Owner's Name |
|---|---|---|---|---|
| 1 | Amli | 818/1/38/1 | 0-58-00 | Shantu Hira Patel |
| 2 | Amli | 818/1/38/3 | 0-48-00 | Shantu Hira Patel |
| | | TOTAL | 1-06-00 | |

Date: 14/08/2026
Place:Silvassa

**MEGHA P. PARMAR**
Advocate for the Purchaser

Office At: 1st Floor, Pioneer Hotel Tokarkhada, Silvassa UT OF DNH & DD - 396230

## હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057. બ્રાન્ચ ઓફિસ: શોપ નં. 3, સેકન્ડ ફ્લોર, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પાઈકિ પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન - 396445

**જાહેર નોટિસ (સ્થાવર મિલકતના ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટે)**

[સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ના નિયમ 8(6) હેઠળ] હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડિટર) પાસે ગીરવે મૂકવામાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટિસ, SARFAESI Act, 2002 હેઠળ આથી જાહેર જનતાને સામાન્ય રીતે તથા ખાસ કરીને નીચે જણાવેલા ઉધારકર્તા(ઓ) અને બાંયધરી આપનાર(ઓ) અથવા તેમના કાયદેસર વારસદારો/પ્રતિનિધિઓને જાણ કરવામાં આવે છે કે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડિટર) પાસે ગીરવે/ચાર્જ કરાયેલી અને જેનો કબજો હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા લેવામાં આવ્યો છે, તેવી નીચે વર્ણવેલી સ્થાવર મિલકતોને નીચે જણાવેલા ઉધારકર્તાઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે 18-09-2026ના રોજ (ઈ-ઓક્શન તારીખ) "AS IS WHERE IS", "AS IS WHAT IS" અને "WHATEVER THERE IS"ના ધોરણે વેચવામાં આવશે. નીચે રિઝર્વ પ્રાઈસ અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) દર્શાવવામાં આવ્યા છે. જાહેર ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે EMD ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT મારફતે 17-09-2026ના રોજ અથવા તે પહેલાં સાંજે 5 PM સુધી હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીને સબમિટ કરવાની રહેશે. બ્રાન્ચ ઓફિસ: શોપ નં. 3, સેકન્ડ ફ્લોર, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પાઈકિ પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન - 396445

| લોન એકાઉન્ટ નં. | ઉધારકર્તા/સહ-ઉધારકર્તા/બાંયધરી આપનાર/કાયદેસર વારસદાર/કાયદેસર પ્રતિનિધિનું નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને તે તારીખ સુધીની રકમ | કબજાનો પ્રકાર (કન્સ્ટ્રક્ટિવ/ફિઝિકલ હેઠળ) | રિઝર્વ પ્રાઈસ / અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| HHFNVSHOU23000037251 // HHFNVSIPL23000037252 | સંજય શ્રીરામ સોનાવને, કવિતા સંજય સોનાવને | 16-01-2026, Rs.12,68,285/- 14-08-2026 તારીખ મુજબ | વાસ્તવિક | Rs.11,50,000/- / Rs.1,15,000/- |
| મિલકતનું વર્ણનઃ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત, ફ્લેટ નં. C/303, મુની હાઉસ નં. 1217/70 (ન્યૂ 5740/0), વોર્ડ નં. 5 (ન્યૂ 10), જેનું ક્ષેત્રફળ આશરે 653.00 ચોરસ ફૂટ એટલે કે 60.68 ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ વિસ્તાર છે, જે 16.23 ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે 3જા માળે આવેલ છે. વિંગ નં. C, સ્કીમ તરીકે ઓળખાતી મિલકત, "શિવાલય કોમ્પ્લેક્સ",વિજલપોર રેલવે ક્રોસિંગની સામે, રેલવે ક્રોસિંગ, વિજલપોર રોડ, સન સિટી એપાર્ટમેન્ટની પાછળ, રેવન્યુ સર્વે નં. 257/3-A/1-A/Paikee 1, ન્યૂ બ્લોક નં. 11188, મોજે વિજલપોર, તાલુકા વિજલપોર, જિલ્લા નવસારીના રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-રજિસ્ટ્રેશન ઓફિસ નવસારીમાં આવેલી છે. ટાઈટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓઃ ઉત્તરઃ સાથેની ખુલ્લી જમીન, દક્ષિણઃ સાથેનો ફ્લેટ નં. C/304, પૂર્વઃ ખુલ્લી જમીન, પશ્ચિમઃ ફ્લેટ નં. C/302 | | | | |
| HHFNVSHOU22000030654 // HHFNVSIPL22000030657 | મેહબુબ ઈશાભાઈ ખાટીક, મેહમુદભાઈ ઈશાભાઈ ખાટીક, રુખસાર મેહબુબભાઈ ખાટીક | 09-01-2026, Rs.25,31,621/ 14-08-2026 ના રોજ | વાસ્તવિક | Rs.24,50,000/- / Rs.2,45,000/- |
| મિલકતનું વર્ણનઃ મ્યુનિસિપલ રેકોર્ડ મુજબ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર જમીન, પ્લોટ નં. 13, હાઉસ નં. 2679/0 અને 2680/0, જેનું ક્ષેત્રફળ 65.00 ચોરસ મીટર એટલે કે 700.00 ચોરસ ફૂટ છે. ગ્રાઉન્ડ ફ્લોર 55.76 ચોરસ મીટર અને ફર્સ્ટ ફ્લોર 51.93 ચોરસ મીટર છે. કુલ 107.69 ચોરસ મીટર. જમીન રેવન્યુ સર્વે નં. 163/5 પૈકિ, ન્યૂ સર્વે/બ્લોક નં. 7249, પ્લોટ નં. 13, મોજે વિજલપોર, તાલુકા જલાલપોર, સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લા નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલી છે. ટાઈટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓઃ પૂર્વઃ જમીન, પશ્ચિમઃ 10.00 ફીટ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. 14, દક્ષિણઃ પ્લોટ નં. 16 | | | | |

શરતો અને નિયમો : ઈ-ઓક્શન 18-09-2026ના રોજ (ઈ-ઓક્શન તારીખ) સવારે 11:00 AMથી શરૂ થશે અને દરેક બિડ માટે 10 મિનિટના મર્યાદિત એક્સ્ટેન્શન સાથે ચાલશે.
ઈચ્છુક ખરીદદારો/બિડર્સે EMDની રકમ RTGS/NEFT અથવા "HERO HOUSING FINANCE LTD."ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT મારફતે જમા કરાવવાની રહેશે. ઈ-ઓક્શન પૂર્ણ થયા બાદ અસફળ બિડર્સની EMD રકમ પરત કરવામાં આવશે.
ઈ-ઓક્શનના નિયમો અને શરતોઃ 1. ઈ-ઓક્શન "As is where is Basis" અને "As is what is Basis" તથા "Without recourse Basis" પર યોજવામાં આવશે અને "online" બિડ કરવામાં આવશે. 2. બિડ વધારાની રકમ રિઝર્વ પ્રાઈસ રૂ. 25 લાખ સુધી માટે Rs 15,000 (રૂ. પંદર હજાર માત્ર), રિઝર્વ પ્રાઈસ રૂ. 25 લાખથી વધુ અને Rs 50 લાખ સુધી માટે Rs 25,000 (રૂ. પચ્ચીસ હજાર માત્ર), Rs 50 લાખથી વધુ અને Rs 1 કરોડ સુધી માટે Rs 50,000 (રૂ. પચાસ હજાર માત્ર), રિઝર્વ પ્રાઈસ Rs 1 કરોડથી વધુ માટે Rs 1,00,000 (રૂ. એક લાખ માત્ર) રહેશે. 3. ઈ-ઓક્શન M/s. C-1 India Pvt Ltd મારફતે શ્રી ધારાણી કૃષ્ણા - 9948182222 (હેલ્પલાઈનિ નંબરઃ સપોર્ટ લેન્ડલાઈન નંબર +91 124 4302020/2021/2022/2023/2024, સપોર્ટ મોબાઈલ નંબર.: +917291981124 /25 /26 અને E-mail on support@bankeauctions.com / andhra@c1india.com) દ્વારા તેમના વેબ પોર્ટલ https://bankeauctions.com પર યોજાશે. 4. સિક્યોર્ડ ક્રેડિટરને જાણ હોય તેવી મિલકત પર કોઈ બોજો નથી. જોકે, ઈચ્છુક બિડર્સે બિડ સબમિટ કરતા પહેલાં મિલકતના બોજા, ટાઈટલ, હરાજી માટે મૂકવામાં આવેલી મિલકત અને મિલકતને અસર કરતા કોઈપણ દાવા/અધિકારો/દેવા અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ. આ સંદર્ભમાં ઈ-ઓક્શન જાહેરાત કોઈ પ્રતિનિધિત્વ કે વોરંટી આપતી નથી અને તેમ માનવામાં આવશે નહીં. 5. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડિટર કોઈપણ તૃતીય પક્ષના દાવા/અધિકારો/દેવા માટે જવાબદાર રહેશે નહીં. વેચાણ SARFAESI Act, 2002 હેઠળ નિર્ધારિત નિયમો/શરતોને આધીન રહેશે. ઈ-ઓક્શનના અન્ય નિયમો અને શરતો નીચેની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યા છેઃ www.herohousingfinance.com 6. મિલકતની વિગતો અને મુલાકાત માટે સંપર્કઃ શેખર સિંહ / 9711522275 / shekhar.singh@herohfl.com જીગ્નેશ સાવુભાઈ સોલંકી / 7984178663 / jignesh.solanki@herohfl.com 7. સંભવિત બિડર્સ સવારે 11-00 વાગ્યાથી બપોરે 2.00 વાગ્યા વચ્ચે પૂર્વ નિર્ધારિત એપોઇન્ટમેન્ટ સાથે મિલકતનું નિરીક્ષણ કરી શકે છે.

**ઉધારકર્તા/બાંયધરી આપનાર/ગીરે મૂકનાર માટે 30 દિવસની વેચાણ નોટિસ**

ઉપરોક્ત ઉધારકર્તા/ગીરે મૂકનાર/બાંયધરી આપનાર(ઓ)ને આથી સૂચિત કરવામાં આવે છે કે હરાજીની તારીખ પહેલાં ડિમાન્ડ નોટિસ હેઠળ કલમ 13(2) મુજબ દર્શાવેલી રકમ, તેની તારીખથી લાગુ પડતા વ્યાજ અને ખર્ચ સહિત ચૂકવવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળતા રહેશે તો મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ વ્યાજ તથા ખર્ચ સાથે તમારી પાસેથી વસૂલ કરવામાં આવશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડિટર)ની વેબસાઈટ પર આપવામાં આવેલી લિંકનો સંદર્ભ લોઃ https://uat.herohomefinance.in/hero_housing/other-notice હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની વેબસાઈટઃ www.herohousingfinance.com

તારીખ: 15/08/2026
સ્થળ: નવસારી

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરફથી
જીગ્નેશ સાવુભાઈ સોલકી / 7984178663 / jignesh.solanki@herohfl.com


ધી વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ,વલસાડ.
VDC BANK
વહીવટી કચેરીઃ- "સહકાર સદન",કચેરી રોડ,વલસાડ-૩૯૬૦૦૧
ફોન નં.(૦૨૬૩૨) ૨૪૧૪૨૪,૨૪૮૭૨૫,ફેક્ષ નં.૨૨૨૨૨૦
The Valsad District Central Co-operative Bank Limited. Valsad.
Administrative Office:- "Sahakar Sadan", Kacheri Road, Valsad-396001.
Phone No.(02632)248725,241424,
Email : ceo@vdc.bank.in ● Website: vdc.bank.in.

સ્વાતંત્ર પર્વ નિમિતે વલસાડ,નવસારી, અને ડાંગ જિલ્લાનાં તમામ નાગરિકોને અઢળક શુભેચ્છાઓ

- બેંક દ્વારા RTGS, NEFT, Internet Banking ,Mobile Banking, Rupay Debit Card, Rupay KCC Card IMPS, UPI, BBPS વિગેરે સુવિધા ઉપલબ્ધ કરાવાય છે.
- બેંક દ્વારા બચત થાપણો,રીકરીંગ થાપણો,કાયમી થાપણો આકર્ષક વ્યાજદરે સ્વીકારવામાં આવે છે.
- રૂા.પાંચ લાખ સુધીની થાપણો વીમાથી સુરક્ષિત છે જેનું પ્રીમીયમ બેંક નિયમિત ભરપાઈ કરે છે.
- બેંકના તમામ ખાતાદારોને વિમા મુલ્યે રૂા.૧ લાખનું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે.
- ખેડૂતો અને પશુપાલકો માટે KCC, KCC (પશુપાલન)ની ૦% વ્યાજદરે ધિરાણની સુવિધાઓ
- મુદતી ધિરાણો, સરકારશ્રીની સહાયવાળી બેંકેબલ લોન, કૃષિ સાધનો, યંત્રો, ટ્રેક્ટર ,સોલાર પંપ તથા જમીનના વિકાસ માટેની લોન સુવિધાઓ
- મકાન લોન, વાહન લોનમાં જામીનો વિના આકર્ષક વ્યાજદરથી લોનની સુવિધા.
- ઉચ્ચતર અભ્યાસ માટે લોન, મિલકત સામે ધિરાણ, વગેરે તમામ પ્રકારના બિન કૃષિ વિષયક ધિરાણ ઉપલબ્ધ કરાવાય છે.
- ખેડૂતો,પશુપાલકો,વેપારીઓ,સહકારી સંસ્થાઓના તેમજ અન્ય કર્મચારીઓ,શિક્ષકો વિગેરે માટે આકર્ષક સરલ કેશ ક્રેડીટની સુવિધા.
- લોનની પ્રોડક્ટમાં કોઈપણ છુપા ચાર્જ વિના સરળતાથી લોનની સુવિધા મેળવવા માટે અમારી નજીકની શાખાઓનો સંપર્ક કરો.

ભારત સરકારના "સહકારથી સમૃધ્ધિ"ના સંકલ્પને સાકાર કરવા ધિ વલસાડ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક કટિબધ્ધ છે. અને બેંક દ્વારા સહકારી સંસ્થાના સભાસદોને/ડીપોઝીટરોને ઘર આંગણે માઇક્રો એ.ટી.એમ. દ્વારા ૨૪×૭ બેંકીગ સુવિધા ૭૩૩ બેંકમિત્ર દ્વારા ઉપલબ્ધ કરાવે છે.

શ્રી લાલજીભાઇ એસ.પટેલ, ચીફ એકઝીક્યુટીવ ઓફિસર | શ્રી ગોવિંદભાઇ ટી.પટેલ, વાઇસ ચેરમેનશ્રી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીઓ | શ્રી જયંતિભાઇ યુ.પટેલ, ચેરમેનશ્રી



૮૦મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ!
ભારતના ગૌરવશાળી ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે સર્વ દેશવાસીઓને, વાલીશ્રીઓને તથા વહાલા વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ!

ફ્રેન્ડ્સ ન્યુ ઈંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટ, બીલીમોરા
(સંચાલિત સંસ્થાઓ)



- બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ
- વી. એસ. ગ્રુપ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ
- જે. જે. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ (પ્રાથમિક વિભાગ)
- જે. જે. મહેતા સાર્વજનિક સ્કૂલ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ)



"સ્વાતંત્ર્યદિન"ની હાર્દિક શુભકામના

સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી
ગણદેવી-૩૯૬૩૬૦, વાયા-બીલીમોરા (વેસ્ટર્ન રેલ્વે), જિ. નવસારી
ફોન: (૦૨૬૩૪) ૨૬૨૩૪૪, ૨૬૨૩૪૬, Email: gandevisugar56gmail.com

ચેરમેન અમિતકુમાર ટી. પટેલ
વા. ચેરમેન અલ્પેશભાઈ સી. દેસાઈ
બોર્ડ ઓફ ડીરેક્ટર્સ તેમજ ગણદેવી સુગર પરિવાર



શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?
નવસારી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ



મજુરી 5.9% થી શરૂ

ગોલ્ડ ઓર્નામેન્ટ : હેવી હેરીટેજ, એન્ટીક, કલકત્તી, ડાયમંડ સ્ટડેડ & પ્લેન ગોલ્ડ

વર્લ્ડરફુલ ડાયમંડ રોઝ ગોલ્ડની આઈટમોનું આયોજન 12000થી શરૂ...
ડાયમંડ, રોઝ ગોલ્ડની : કપલ બેન્ડસ, નેકલેશ, મંગળસુત્ર, બેંગલ્સ, બ્રેસલેટ, ક્યુટ લાઈટસ, ડોકીયા, પેન્ડલ, વીંટી, ફેન્સી કડા વિગેરે

- સોનાના સેટ 15 ગ્રામ થી 150 ગ્રામ સુધી
- પાટલા - 15 ગ્રામ થી 100 ગ્રામ
- ચેઈન - 1 ગ્રામથી 150 ગ્રામ
- યંગસ્ટર તથા કોપણ પ્રસંગ માટે ચાંદી અને 24 કેરેટ ગોલ્ડ ફોઈલની ગીફ્ટ આઈટમો




R.A. Parikh
Jewellers NX
ચીખલી – બીલીમોરા રોડ, આંતલીયા,
બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181